ખાસ જ્ઞાન ખાતા માટેજ.

श्री जिनगुण रत्नावळी.

भाग ३ जो.

[illegible] સભાઓ, તથા મંડળીઓમાં
ગવાતાં ગાયનો, સ્તવનો અને
રમાતા રાસાદીથી ભરપૂર.

છપાવી પ્રસિદ્ધ કર્તા.
શ્રી લઘુ આર્ય-જૈન ધર્મ પ્રવર્ત્તક સભા"
અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

સને ૧૮૯૮ સંવત ૧૯૫૪.

ખાસ જ્ઞાન ખાતા માટેજ.

श्री जिनगुण रत्नावळी.

भाग ३ जो.

હાલની સભાઓ, તથા મંડળીઓમાં
ગવાતાં ગાયનો, સ્તવનો અને
રમાતા રાસાદીથી ભરપુર.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

શ્રી લઘુ આદ્ય જૈન ધર્મ પ્રવર્ત્તક સભા.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

સને ૧૮૯૮ સંવત ૧૯૫૪.

અર્પણ પત્રિકા.

શેઠજી સાહેબ. મનસુખભાઇ ભગુભાઇ

મુ૦ અમદાવાદ.

આપ જૈન ધર્મમાં અતિ શ્રદ્ધાળુ અને ધર્મદીપાવક છો તથા જ્ઞાનની વૃદ્ધીને ઇચ્છો છો અને જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર કરવામાં ઘણોજ ઉત્સાંહ ધરાવો છો એવા અનેક શુભ કાર્યોમાં હમેશ તન મન અને ધનથી સહાય આપો છો ઈત્યાદિક ગુણોથી વિનોદ પામી આ લઘુ પુસ્તક આપને અતિ પ્રેમ પૂર્વક અર્પણ કરીએ છીએ તે આપ કૃપા કરી સ્નેહ સહીત સ્વીકારશોજી.

લી.

શ્રી લઘુ આદ્ય જૈન ધર્મ પ્રવર્ત્તક સભા.

ઠા. ગાંડવીની પોળમાં નાગજીભુધરની પોળ—**અમદાવાદ.**

॥ श्री जैन धर्मो जयति. ॥

श्री जिनरत्नावळी

भाग ३ जो.

સ્તુતિ.

(સમર સમર સમર—એ—રાહ.)

રીખભ અજીત સંભવ, પ્રભુ ઉઠીને આદરો;
અભિનંદન સુંમતિ પદ્મ, સુપાર્શ્વ ચિત્ત ધરો;
ચંદ્ર સુવિધી શીતળનું, શરણુ નિત્તે કરો;
શ્રેયાંસ વાસુપુજ્ય વિમળ, સ્તુતિ ઉચરો;
અનંત નામ ધ્યારૂં, જે સુખ કરનારૂં;
ધર્મનાથ ધ્યાન તમે, મનથી ધરો. રીખભ ૧
શાંતીનાથ ભ્રાંતી ટાળી, શાંતી જગ કરો;
કુંથુનાથ કષ્ટ કાપી, કુમતિને હરો;
અરદુઃખ હર મલ્લી, મહેરતો કરો;
મુનિસુવ્રત નમિ નેમ, આસરો ખરો;
પાર્શ્વ આશ પુરો, મહાવીર ચિંતા ચુરો;
સંસારમાંથી મુક્ત આપ, મયા કરી કરો. રી૦ ૨

૧

(પ્રેમનો કોલ દીયો રાજકુમાર. એ-રાહ.)

પરમ પ્રભુ જય જય સંભવનાથ,
ભવ બૂડતા ઝાલો હાથ,
પ્રભુ મેળવ શીવપુર સાથ. પરમ.
ત્રીભોવન નાયક જગ જયોરે,
અશરણ શરણ દયાળ;
બીરૂદ સફળ કરી તારજયોરે,
જીવ દયા પ્રતિપાળ. પરમ.
કાળ અનાદીથી પડયારે,
બે વૈરી મુજ સાથ;
તાત તમારા બાળનેરે,
કરવો ઘટે સનાથ. પરમ.
ભવરણ આતમ ધન હરેરે,
ઘોર ચોર જે ચાર;
કુમતિ સંગ નીવારજયોરે,
કરી ગરીબની વહાર. પરમ.
આદ્ય જન લઘુના પ્રભુરે,
ટાળો ભવ ભય ફંદ;

ચરણ કમળ વંદન કરેરે,
સેવક સાંકળચંદ. પરમ.

૨

(સુતા શું રે આંહી—એ—રાહ.)

મને દાસ જાણો (૨) ઓ પ્રભુરે;
શીવ સુખના છો દાતાર. (૨) મને
સ્વપ્ન સુખ સંસાર તણું છે,
ખાલી છે ભ્રમણાય;
લોભ થકી દુઃખિ થાય. (૨) મને
નારી કંચન મોહ માયાથી,
ક્યારે દુર થવાય;
પસ્તાવો દીલ થાય. (૨) મને
જૈન પ્રવર્ત્તક લઘુ આદ્ય મંડળ,
હરખીને ચિત્ત માય;
ગુણ આનંદે ગાય. (૨) મને

૩

(નિચ થયા મુંજ કુંવરો. એ—રાહ.)

જગજીવન જય જીનરાજ, ધ્યાન ધરૂં,
આચરૂં, આદરૂં, દિલ ધરૂં. જગ.

તારક ધારક છો જગનાથ,
આપો શીવપુર કેરો સાથ;
લઘુ આધ તારો ગ્રહીને હાથ, થર થરૂં;
શું કરૂં, હું ડરૂં, બીંમરૂં. જગ.

૪

(ક્યાંથી આ સંભળાય. એ-રાહ.)

લાગું પાયે આજ,
અજીતજીન લાગુ પાયે આજ;
કરજોડી મહારાજ. અજીત૦
તારકત્રાતા શીવસુખદાતા,
શેવક છું શીરતાજ. અ૦
નાથ નીરંજન અધમ ઉધારો,
ડુબ્યો આ ભવમાંજ;
વંદે વાડીલાલ પ્રભુ પદ,
શ્રી લઘુ આધ સમાજ. અ૦

૫

(કરી સુદ્રષ્ટિ સ્વામી આજ—એ-રાહ.)

કરો જગ શાંતી શાંતીનાથ,
કર જોડી પાય લાગુ. કરો જગ૦

જય શાંતીનાથ આધાર,
સુખ શાંતી તણા કરનાર;
છો પરમ ધરમ દાતાર. (૨) જગ૦

(સાખી.)

જનમ જરા મરણાદિના, વારો ભય જગનાથ;
તાપહરીશાંતીકરો, મેળવ શીવપુરસાથ;ક૦કરો૦
જે જપે સદા જીન જાપ, તે ખપે ભવાંતર પાપ;
લધુ આધ હરે ભવ તાપ, (૨) જગ૦

૬

(ખટક રહી આ મૃગ નયનીને. એ-રાહ.)

પ્રણમું પ્રેમે શ્રી વીરજીનને,
આજ અંતરમાં આણી ઉલ્લાસ;
જગ તારક જગજીવન સ્વામી,
સફળ કરો સેવકની આસ.
ચંદનબાળા ચંડ કોશીકને,
પહોંચાડયા તમે શિવપુર ધામ;
એકાદશ ગણધર વશ કીધા,

પુરી તેના મનની હામ.
અતુળ બળી છો આપ નાથજી,
નીચ દેવની કીધી હાર;
ગોશાળા ઉપસર્ગ ન ડરીયા,
સહન કર્યા રાખી તે પ્યાર.
કરે અરજ લઘુ આદ્ય મંડળી,
આપ પાયને નામી શીશ;
તુમ શેવાના મેવા અમને,
આપો કરૂણાકારી ઈશ.

૭

(જય જય જય જીનરાજ નમું-એ-રાહ.)

શ્રી સંખેશ્વર પાર્શ્વ પ્રભૂ,
લળિ લળિ પ્રણમું પરમ વિભૂ. શ્રી.
ગુણ ગાઊં,ગુણ ગાઊં,ગુણ ગાઊં, ગુણ ગાઊં(૨)
ખુશી થાઊં,સુખ પાઊં,મન ધ્યાઊં,ઊર લાવું(૨)
વંદુ તને—સુદ્ધ મને (૨)
સેવું હું સદા—ટાળો આપદા (૨)
દયો તારી, જાઉં વારી,દુઃખ હારી,પ્રીયકારી,
છો હે વિભૂ. શ્રી સંખેશ્વર.

(સાખી.)

ક્રોધ માન માયા અને, લોભ એ ચારે ચોર;
સંતાપે સંસારમાં, તોડો તેનું જોર.
આદ્ય લઘુ આજ, ગુણ ગાયે, નમિ પાયે, હરખાયે,
ચીત્ત માહે. નમી નમી હે દયાળ. શાં.

૮

(જગપતિ કરશે સાચ્ય તારી. એ–રાહ.)

વંદન કરીએ વિશ્વપતિને.
સચ્ચિદાનંદન તમે દુઃખ નીકંદન,
ટાળજો મુજ વિપત્તિને. વંદન.

(સાખી)

ભાવે ભાવના ભાવતાં, ભવની ભાગે ભૂખ;
સુખ દુઃખમાં સંભારતાં, કદી ન ઉપજે દુઃખ.
રાખે જે ભરોસો પૂરો, વિશ્વાસ ધરીને કો;
પામશે તે સારી ગતિને. વંદન.

(સાખી)

ત્રણ ભુવનમાં નિરખતાં, નહીં કો તેહ સમાન;

તે માટે તિમીર તજી, પુજો શ્રી ભગવાન.
લઘુ આદ્ય મંડળ, હરખથી હરનિશ;
ચિંતે તજી કુમતિને. વંદન.

૯

(શું નટવર વસંત. એ-રાહ)

માહારાજ આજ શાંતીનાથ શાંતી કરો,
શાંતી કરો, ભવ ભ્રાંતી હરો. માહારાજ.

(સાખી.)

શાંત સુહંકર સાહેબો, અસરણ શરણ દયાળ;
ભવ ભય ભીડ નીવારજો, પામર પાળ કૃપાળ.
દ્રષ્ટી સુવૃષ્ટી કરી પાપ પંકવારી,
હાથ ગ્રહીને પ્રભુ આજ ઉદ્ધરો. શાંતી કરો.

(સાખી.)

શાંત સુધારસ છે છબી, કંચન વરણી કાય;
પ્રસન્ન વદન તુજ દેખતાં, પાતક દુર પળાય.
મન મંદીર આવો આજ, ગુણના ભરીયારે,
સૌ સફળ કરો શુભ કાજ, ઊરકજ ધરીયારે;

તેં કરી મયા મહારાજ, રંક ઉધરીયારે,
આપો સુખ અવિચળ રાજ; કરૂણા દરીયારે.

(સાખી.)

અશરણ શરણ કૃપા નીધી, ટાળો ભવ ભય ફંદ;
કર જોડી નીત્ય કરગરે, સેવક સાંકળચંદ.
જૈન સમાજ લઘુ, આધ અરજ ધારી;
તાત તારા બાળનાં સૌ વીઘ્નને હરે.

૧૦

(કુમારં મારી વાલી–એ–રાહ.)

અજીતજીન મેરે, તેરે શરણ હું માહારાજ;
વીજયા દેવી પ્રભુ માતાના જાયા,
રાખો હમારી તો લાજ. અજીત૦
તારક ત્રાતા નામ ધરાવ્યું,
ઉતારો આ ભવ ઝાજ. અજીત૦
વદે વાડીલાલ વિભુ વીનયથી,
હેતે લઘુ આધ આજ. અજીત૦

૧૧

(આ શું આંસુ કે ચોમાસું–એ–રાહ.)

ચાલો ચાલોજી સીદ્ધાચળગિરિ ધામમાં;

અતિ ઉપજે આનંદ તેના નામમાં.
પ્રભુ ઉઠીને જાપ જપંતા,
થાયે મંગળ માળ;
સુરનર મુનિવર ગાવે તેનાં,
રૂડાં ગીત રસાળ. ચાલો.
ગિરિ દેખંતાં ઉર હરખાયે,
ભેટંતાં દુઃખ જાય;
કર્મ મેલ કુડો કાઢીને,
કાયા નીરમળ થાય. ચાલો.
મનહર સુંદર ગિરિવર નાયક,
દાયક શિવ દાતાર;
શિવ સુખગામી જે બહુનામી,
તાર્યાં બહુ નરનાર. ચાલો.
ત્રણ ભુવનમાં નહીં એ સમ છે,
સીદ્ધ પદનો દેનાર;
વંદે આદ્ય લઘુ જૈન મંડળ,
નમીને વારંવાર. ચાલો.

૧૨

(સરવ સખીયોને—એ—રાહ.)

શ્રી રિખભેસર પાય નમું, શ્રી સિદ્ધાચળ વાશી;

અંતરજામી નમું શીરનામી, છો અવિનાશી;
ચોત્રિસ અતિશય છાજતારે લોલ,
પાંત્રીસ વાણીથી ગાજતારે લોલ;
બારે ગુણ બિરાજતારે લોલ,
સમોવસરણ માંહે રાજતારે લોલ,
છો પ્રભુ ત્રણ ભુવનના નાથ કે,
સુણો મુજ વિનતીરે લોલ;
સુંદર સોવન મય છે કાય કે,
કાંત્તિ ચમકતિરે લોલ;

(સાખી.)

દરિસન જ્ઞાન ખાયક પ્રભૂ, ધોરી લંછન પાય;
શીતળ ગુણ તન શોભતાં, દેખી પાપ પળાય.
ભક્તિ કરૂં ભય ટાળવારે લોલ,
કર્મ રિપુને બાળવારે લોલ;
શીવ વધૂ સ્વામિ તમેરે લોલ,
ગુણ ગાવા અમને ગમેરે લોલ;

(સાખી.)

તારો તારક કર ગ્રહી, અશરણ શરણ દયાળ;

અજર અમર અકલંકી હયો,શેવકની હે ભાળ.
ભવ અટવીમાં ભુલો ભમ્યો સય કે,
મોહને વશ પડીરે લોલ;
નારી સુમતિનો જોઇ સંગ કે,
દ્વેશી કુમતિ નડીરે લોલ;
લઘુ આધ સભા ગાય, પરમ આનંદ થાય;
હરીલાલ ચિત્ત ચાહ, હરખિશ પ્રભુ પાય.શ્રી.

૧૩

(રમીયે રમીયે રમીયે ભાઇઓં–એ–રાહ.)

નમિયે નમિયે નમિયે નેમજી,
નમિએ આ ઘડી; હે સ્વામી ન૦
સુંદર સુંદર પુષ્પો ભરી,
લાવું હું છાબડી;
કેસર ચંદન બરાસ ઘશી,
કટોરી ભરી. હે સ્વામી ન૦
અગરબત્તી ધૂપ કરૂં,
સુગંધિ ભરી;
સ્તવન કરે લઘુ આધ,
પાયે પડી પડી. હે સ્વામી ન૦

૧૪

(કેરબાયે.)

ચંદ્રપ્રભુ શું અલગા થાઓ ?
વારે વારે કહીએ શું તમને;
તરછોડી મુકી આમ,
રખડતાં કરો ન અમને;
ચંદ્ર પ્રભુ ચંદર શીતળતા,
જગમાં આપે જેમ;
મહેર કરી આપ છાયાની ખાલી,
રાખો અમને એમ.
ખોટી કાયાને ખોટી માયા,
ખોટાં મંદીર માળ;
ખોટાં સહુ છે સુખ સંસારનાં,
ખોટો સહુ પરીવાર.
ડુબ્યા અમે ભવ સાયર માંહી,
તારક તારો દાસ,
પારધી મોહની જાળે ફસાવ્યો,
ઉગારો તોડી પાસ.
સંસાર સુખ ગમે ન જરાએ,

જે છે નર્કનું દ્વાર;
અવર આસરો નથી જગમાં,
લેશો જો ન સંભાળ.

૧૫

(થયો આજે આનંદ. એ. રાહ.)

થઇ શાંતિ આજ શાંતિનાથ સ્વામિ,
દર્શન પામ્યા પાપો સર્વે ગુમાવ્યા.
કાપો કૃપા કરી મમ ખામી, ખામી, ખામી.
આવ્યો અનંતા ભવ ભ્રમણતાં કરીને;
ચરણ શરણ ગૃહી સ્વામી, સ્વામી, સ્વામી.

૧૬

(શું દઈશ તુને જાવા. એ–રાહ.)

નમું અજીતનાથ સ્વામી, ગુણ ગામી;
ભેટું બહુ આણી નેહ,શોભેશી મુરત વાહ: વાહ;
છો આપ અંતરજામી, હે સ્વામી.
છે મુખડુ પુનમનો ચંદ, ટાળો મુજ ભવના ફંદ;
છોજી આપ આનંદ કંદ,છોડાવો કુમતી છંદ;
વંદુ પ્રેમે સ્વામી, શીર નામી.
તમે છોજી મારા પ્રાણ,ધારૂં શિર છત્ર સમાન;

ગુણ ગાતાં ઉપજેતાન, કરૂં ભક્તિબની ગુલતાન;
તાર તાર સ્વામી, કહુ નામી.
લઘુ આદ્યની પુરજોઆશ, કરોપાપતણોવિનાશ;
તોડોજી કર્મના પાસ, વિનવે છે શે ઉલ્લાસ;
ફળી આશ દરશ પામી, હે સ્વામી.

૧૭

(રાજે રાજે ચોહાણનું-એ-રાગ)

ભવી પુજો પારસનાથ,
પ્યારા પ્રભુજી શું રંગમાં. (૪)
કેસર ચંદન ઘોળી આનંદમાં,
ભેળીશું મૃગ મદ સંગમાં. પ્યારા-ભવી.
મોઘર જાસુદ આણી ઉમંગમાં,
આંગી રચાવુંજી અંગમાં. પ્યારા-ભવી.
હુતે વાડીલાલ વીભુ વિનયથી,
વંદે લઘુ આદ્ય સંગમાં. પ્યારા-ભવી.

૧૮

(ગરબો)

મંગળ નામ રીખવ તણું રે લોલ,
જેનો ઉજવળ છે પ્રભાવજો. મંગળ.

આધિ વ્યાધિ જાય નાશી દૂરરે,શાન્તત્વ પામોરે;
થાય કર્મ તીમીરનો નાશ, દુઃખ વિરામોરે,

(સાખી.)

મંગળકારી સુખ ભર્યું, શ્રી જીનવરનું નામ;
હૃદય કમળ વિકસાવીને,થાય સફળ સૌ કામ.
વૃદ્ધી પામે છે પ્રભાવ હર્ષથીરે લોલ.
શાંતી સુખ વધે ઉત્કર્ષથીરે લોલ.
જ્ઞાનનો પ્રકાશ થાય ઉરમાંરે લોલ.
મુક્તિ સ્થાનમાં સીધાવો સુરમાંરે લોલ.

(સાખી)

ભક્તિ રિખવ તણી કરે, વરતે મંગળ માળ;
જ્ઞાન સુધારસ પાનથી, ઉર પામે ઉજમાળ.
પ્રીતે ભજો જીનરાજ પ્યારા બંધુ પ્રીતે ભજોને.
ભકત જનોદય સાથ ,,
તત્પર થઇને સમાજ ,,
રીખવ છે શીરતાજ ,,

(સાખી.)

માયા માન અહંપણું, ક્રોધ મોહ મદ લોભ;

છે શત્રુ શુભ કાર્યના, પામો તેથી ક્ષોભ.
ચરણ કમલ શીરનામીને હર્ષથી;
લઘુ આદ્ય મંદ છંદ ગાયજો. મંગળ.

૧૯

(થયા છો રે-એ-શહ.)

પ્રભુ મેરે દીન સફલ ભયો હે,
રંગ અધીક આજે;
સીતળ જીનવર સુખકર મળીઆ,
ટળીઆ અઘ સબ દુર;
જગ ત્રાતા, શીવ દાતા,
ગુણ ગાતાં, કર શાતા;
મન વચ કાય કરી નીત્ય પ્રભુ,
જય જય જીનરાજે. પ્રભુ૦

જ્યું જલમાં મન મીન મગન છે,
ત્યું તુંમ મુજ મન લીન;
અઘવારો, ભવવારો, કરમારો, મહી તારો,
શ્રી લઘુ આદ્ય સમાસદ પ્રણમે,
વાડીલાલ આજે. પ્રભુ૦

૨૦

(આજ થઇ પ્રીય-એ-રાહ.)

મંધરસ્વામી છો મોહનગારા,
ઊલટયો હર્ષ સાગર ઊરમારા;
હૈયા તણા હાર પ્રાણથી પ્યારા,
છેલ છબીલા છો આંખોના તારા;
પ્યારા પ્રભુ લેહેર હર્ષની જામી,
મણા દીને આપ દર્શન પામી;
શીતળતા થઇ અંતરજામી,
તારો તમે મુજ કર્મોને વામી;
મળ્યા રંગીલા, છો રંગ ભીના,
ગુણ ભર્યા, હે જીનવરા;
ચંદ્ર જેવી, મનહર કેવી,
મુખે શેવી, લઘુ આધ એવી;
બહુ મન ભાવો, સાચે આવો. મંધર૦

૨૧

(મંડપ રચ્યો આજ. એ-રાહ.)

પ્રભુ ચોવીસમા મહારાજ;

કરજોડી નમું આજ.
છે મુરતી મોહનગારી,
જગજનને અતિ ઉપગારી;
પ્રભુ પ્રિત અનાદીની ધારી,
અનુચરને લ્યો ઉદ્ધારી.
સાસન નાયક સુખકારી,
તુજ હાથે મારી લાજ. કર૦
ત્રીસલા માતાના જાયા,
ક્ષત્રી કુંડ જન્મ ધરાયા;
કંચન વરણી સુભ કાયા,
વીર વાડીલાલ વધાયા;
લધુ આઘ સભા ગુણ ગાયા,
વંદ પ્રભુ આજ સમાજ. કર૦ પ્રભુ૦

૨૨

(ગરબો.)

આવો જુઓ મળી સહુ સાથ, રૂડી આરચનાને;
કરો જન્મ કૃતારથ આજ, નિરખી નયનાને.

(સાખી.)

સમોવસરણ રચના બની, અતિ રમણીય રસાળ;
રત્ન હેમ રૂપા તણા, ગઢ છે ત્રણ વિશાળ,
ત્રણ ગઢમાં બાર પરખદા, ચઊ દિશ આઠ છે વાવરે;
ચતુર્મુખે પ્રભુ ધર્મ પ્રકાશે, સાંભળે ધરી સૌ ભાવ. રૂડી.

(સાખી.)

કેવળ ઉપજે જીનને, રચના આવી દેવ;
જોજન ચાર પ્રમાણનું, કરતાં તે તતખેવ.
ત્યાં આવી બીરાજીરે, પ્રભુ દેશના દેતા;
સુણી વાત પ્રભુનીરે, લોયે દીક્ષા કે'તા.
જૈન પ્રવર્તક લઘુ આઘ મંડળી, પૂરે મનોરથ મનનારે,
નિત નિત આવે પ્રભુ ગુણ ગાવે, નાચે થેઇ થેઇ થનનારે

૨૩

(ક્યાં ધ્યાન ન ધર ડર પ્યારી—એ—રાહ.)
વા: અજબ મુરત નમી તારી.
મનહર શશિ મુખ શું શોભી રહ્યું;
તેજ આ તનનું પ્રકાશી રહ્યું. વા: અજબ.
આવી ખુશી મન માંહી,

૨૫

આંગી અમુલ્ય આનંદકારી;
જૈન લઘુ આદ્ય મંડળ હરખે,
અકલ ગતિ જોઇ તારી. વા: અજબ.

૨૪

(નટવર નાગર શ્રી હરીરે લોલ. એ-રાહ.)

રશીક રમીચે ઉમંગથીરે લોલ,
હરખથી દઇ તાળ રાસજો. રશિક૦
કૂતી તારી છે ભારી અપારરે,
મારા મન વશિયા;
મતિ મારી ન પહોંચે લગારરે,
અલબેલા રશિયા;
ભકતોની ભીડ તું કાપજેરે લોલ,
ટાળજે તનના સંતાપજો. રશિક.
તારો તારો તમે કિરતારરે,
ભવસાગરમાંથી;
આપો આપોને શિવપુર ધામરે,
શિવપુરના સાથી;
ગાવે ગુણ લઘૂ આદ્ય મંડળીરે લોલ,
ભવજળ તરવાને નાથજો. રશિક૦

૨૫

(થઇ ઘણો વીદેશ. એ-રાહ.)

અમ આજ અનુચર દાસની,
અરનાથ અર ઊર ધારજો;
જગનાથ જયકારી તારજો. અમ૦
હું કુડ કપટી ક્રોધીના,
અવગુણ અતીશય ભારજે. જગ૦
ધરી નેહ નજરે સ્વામી તું,
સબ કાજ સેવક સારજે. જગ૦
કહે આજ વાડીલાલ તું;
લઘુ આધના અવધારજે. જગ૦

૨૬

(ઘણા ધીક્કાર મુને છે ભાઇ. એ-રાહ.)

શ્રી આદીનાથ જયકારી,
તુજ દરીસનથી બલીહારી;
મુરતી તારી મોહન વેલી,
અલબેલી અમને આધાર;
ચરણ શરણ પ્રભુ તરણ તું તારી,
આપો શીવ સુખ નાર;

નાથ મમ આ અરજ અવધારો,
તુજ દરીસનથી બલીહારી.
અંતરજામી જગ વીસરામી,
શેવક સ્વામી દુઃખનીવાર;
શ્રી લઘુ આદ્ય સભા સહ સંગે,
વંદુ વાર હજાર;
વીનય પ્રભુ વાડીલાલ ધારો,
તુજ દરીસનથી બલીહારી.

૨૭

(શું સુંદર આ રૂપ દીસે છે. એ–રાહ.)

શી મનહર આ કાંતિ દીસે છે,
મન મારૂં ત્યાંહી રે છે;
શિરપર સુંદર સોવન મુગટ,
જગમગ હીરા ઝળકે છે.
કાને કુંડળ હંસ ગળે છે,
મુક્તા માળા કંઠે છે;
બાંહે બાજુ બંધ બેરખા.
કર કંચન કલ્લી રે છે,
આંગી અનોપમ આજ બની,

નર નારિ દર્શન આવે છે;
જૈન પ્રવર્ત્તક લઘુ આદ્ય મંડળ,
પ્રેમે આપને વિનવે છે.

૨૮

(ધનુષ્ય ધારૂં. એ. રાહ.)

સિદ્ધગિરી જઇએ પાવન થઇએ,
મોક્ષ વધુનું બા'રૂ;
શિવ સુખ કારણ પાપ નિવારણ,
પ્રહ ઉઠી સંભારૂ. સિ.
પ્રીતે ભેટો દુઃખ સહુ મેટો,
નર્ક ત્રિર્યંચ વારો;
ડગને ભરતાં પાપને હરતાં,
પ્રતિમા જુહારો. સિ.
તીરથ ફરસો ભવિજન તરશો,
કૈક તર્યાં નર નારી;
આદી જીણંદા પાપ નીકંદા,
વંદુ ઉલટ ધારી. સિ.
શિરી ગુણવંતો છે સાસ્વતો,

હૃદયે ભાવ ધરો;
જઇને વંદો પાપને નંદો,
નરભવ સફળ કરો. સિ૦

૨૯

(આજે આનંદ આનંદ થેઇ-એ-રાહ.)

મને લાગી લગન પ્રભુ પાસ ભણી;
તમે તારો દયાળુ દીન દાસ ગણી.
ત્રિભુવન તાત ધણી, અવગમળ આપ હણી. (૨)
જય, જય, જયં, જય. મને૦ ૧
કર્યાં કર્મો અતી મેં ભવ આથડી;
ભલી ભકતી ભજી ન મદમાં ચડી.
હવે મુજ સુજ પડી, ધરી તુજ આશ વડી. (૨)
જય, જય, જય, જય. મને૦ ૨
પ્રભુ પુજું કેસર ઘસી રંગ ધરી.
રચું આંગી ગુલાબ લાલ ફુલ ભરી;
હેતે વાડીલાલ કરી, લઘુ આધ આશ ઠરી. (૨)
જય, જય, જય, જય. મને૦ ૩

૩૦

(અબ ચલે-એ-રાહ.)

નમું નમું (૨) કુંથુંનાથ સ્વામી,

ગુણ ગાઉં પ્રભુ શીરનામી;
છો તમો જગતના સ્વામી,
જગ તારક અંતરયામી;
ગત થયા ધરમને લાવી,
આ ભરત ભુમી દીપાવા;
તાર્યા નર નાર ઉતાર્યા પાર,
સુરકુમાર, કર્મને વામી. ૧
વીચરીને દેશ વીદેશે,
બુઝવ્યા બહુ જન ઉપદેશે;
નમુ ઓ નાથ, જોડીને હાથ,
ઉગારો અનાથ, દયા દીલ લાવી. ૨

૩૧

(બીક લાગે બાઇ બાપુ–એ–રાહ.)

કર ગ્રહી જીનરાજ મુને મુક્તી આપોરે;
કર્મ નિવારી શાંતિ આપી કષ્ટ કાપોરે. કર.
મુક્તીને કાજે ભક્તી
આપો સુમતિને શક્તિ
પામું જેથી અનુરક્તિ
કાપી કુમતિ હૃદયથી, સુમતિને સ્થાપોરે. કર.

31

(સાખી.)

એહ નામ જીનરાજનું, છે પણ ના ઉચરાય;
તે માયાના ફંદથી, સર્વ ભુલાવો થાય.
માયા તણી જાળછે, દુઃખનો બળાપોરે. કર.
આ જગમાંઆવ્યોશામાટે,કૃત્યકર્યુંકુડસીરસાટે,
હું લલચાયો વાટે ઘાટે,નાચાયો સમ્યક્ વિરાધે;
ધોઇ પાપ કાપ સર્વ, સુમતિ છાપોરે. કર.

૩૨

(ગુમાવ્યું છે આયુષ-એ-રાહ.)

રટણ હું રટું રાત દીન તાહરૂં,
ધરમ ધારવા ધર્મ મન માહરૂં;
પાપ થકી હું ડુબીયો, ભવસાગરની માંય;
તારો શેવક ધારીને, પકડી મારી બાંહ્ય. ર૦
પ્રોછાવો મુજને પ્રભુ, ધરમ જે રત્ન સમાન;
કરમ ભરમને ટાળીને,આપો શીવ સુખ દાન.ર૦

૩૩

(બીન સીખેન આયે-એ-રાહ.)

નામું હાથ જોડી સંભવનાથ (ર)
પ્રિય નાથ,જોડીહાથ,કહુંઆજ,જીનરાજ.નામું.

લાગે સુખમય છબી તારી પ્યારી પ્યારી પ્યારી,
દેખી નિવારણ થાય પાપ ભારી ભારી ભારી,
જાઉં વારી, બલીહારી, સુખકારી, દુઃખહારી,
રાખો શરણુમાં સાર, કરો સેવકની વ્હાર,
જોડો ભક્તને ભક્તીની સાથ. પ્રિય૦

૩૪

(રાજા આંખ ઊઘાડી–એ–રાહ.)

ચેતન ચક્ષુ ખોલીને કાંઇ ભાળોરે;
ભાળો મનમાં ધારો,કૌતક નવ નવાં ભાળો.ચે.
નારી વીર્યથી રાચે, મીત્ર ધન થકી ગાજે;
સ્વાર્થિઆ સંસાર,તેથી અળગા રે'વા ધારો.ચે.
કામથી જગત ઇચ્છે, મતલબે સૌ પ્રીછે.
નહી તો ન પુછે કોઇ, હ્રદયે વિચારો. ચે.

૩૫

(આવો કુંભ કુંભને પગલે–એ–રાહ.)

પ્રભુ શ્રીસંભવજીનતારો,નમુંપદપંકજઅરધારો;
ભવોભવસંકટસબવારો,સફળસંસારકરોમારો.
હું અનુચર પુરણ પાપી,આણ તમારી ઉથાપી;
નરક નીવારણ જગત્રાતા,દાસ ગણીને દો સાતા;
આવ્યોછું શરણે તારે,ભર્યો ભવદુઃખથકી ભારે;
વાડીલાલ વંદે પ્યારે. પ્રભુ શ્રી૦

૩૬

(મહારાજ કુંવર આવો. એ—રાહ.)

મહાવીર મને તારો, ભવ પાર ઉતારો;
સંસાર અતિ ખારો, દુઃખનો છે દેનારો,
નઠારો, નસારો, અકારો. મહા૦
મન મોહન છો મારા, ભક્તિમાં રાચીઓ,
ગુણ ગાવું હું તારા, આનંદે માચીઓ,
તીમીર નાશ માટે, જ્ઞાન દીપ આપજો;
લઘુ આદ્ય બાળ તારા, ના દુઃખ કાપજો;
વાહવાહ અજબ આજઆ,આંગીશી બની છે,
નિરખતાં થાયે રાજી, આનંદથી ઉર મહીં;
લાગ્યું તન, જોવા મન, પ્રાણજીવન,
કરૂણા સેવક પર કરીયે. મહા૦
દીનના દયાળ વિભુ, કાપો ભવ ફંદ,
આધાર છે આપ તણો,પાપ મારાં પ્રભુ હણો;
હરીલાલ, નિસંભાળ, લે કૃપાળ, પ્રીતેથી
પ્રણામ કરીએ. મહાવીર.

૩૭

(ડરમાં તું દીલ સાથ. એ—રાહ.)

જગ ચિંતામણનાથ વંદીએ. જગ૦

ભવતારણ ઝાલો હાથ વંદીએ. જગ૦
સંસાર ઘેલો પાપનો વેલો,
મોહ માયા મદ રૂપ ભરેલો,
ડુબ્યા તેમાંથી ન કોઇ તરેલો,
ભોળા જનોને તે ભોળવે પેલો;
(પ્રભુજી તેમાંથી તારા શીવાય બચાવે તેવું કોઇ નથી.)
પ્રભુ બચાવો પ્રાણી અનાથ. વંદીએ જગ૦

૩૮

(કાનુડો ન જાણે મારી પીડ. એ-રાહ.)
પ્રભુ મને તારો ભવજળ તીર,
રે વીર અંતરજામી. પ્રભુ મને તારો.
ચાર ગતિ આથડીયો,બે વૈરીને વશ પડીયો;
કાપો ભવ તાપો નામુ શીર;
કાપો કરરરરરરરરરર. પ્રભુ.
કુમતીકુલટાએકસીયો,આશ્રવનાઘરમાંવસીયો;
ખસીયો નિજ અનુભવથી જીવકીર,
ખસીયો ખરરરરરરરરરર. પ્રભુ.
ચાર લુટારા લુટે, આઠ ધુતારા ધુતે;
મોહ સુભટ ઝટ તાકે તીર,
તાકે તરરરરરરરરરર. પ્રભુ.

નર ભવ બાજી ભુલયો, ફોગટ ભવફંદે ફુલયો;
કાળ કંટક ચીરે જયમ ચીર,
ચીરે ચરરરરરરરરરરર. પ્રભુ.
ત્રીસલા માતાના જાયા,તાત સીદ્ધારથ રાયા;
ભવ દવમાં છાંટો કરૂણા નીર,
છાંટો છરરરરરરરરરર. પ્રભુ.
આદ્ય સભા લઘુ વંદે,ગાયા ગુણ સાંકળચંદે;
શિવ શ્રેણી મેળવ શ્રી મહાવીર,
શ્રેણી સરરરરરરરરરર. પ્રભુ.

૩૯

(ચાલીજા ચાલીજા અહીંથી ચુડેલ. એ-રાહ.)

ધરને તું ધરને તું નવપદનું ધ્યાન,
છે વીઘન હારી, અતિ સુખ કારી;
તાર્યા નરનારી, અમૃત વારિપાન.
વંછિત પુરે, ચિંતા સૌ ચુરે,
કરે કર્મ દુરે, બને જે ગુલતાન;
અડસઠ અક્ષર, નવે નિધાન.
ધ્યાન ધર તેનું, લગાવીને તાન,
છે મંત્રમાં સાર, જપે ધારી પ્યાર;
લઘુ આદ્ય બાળ, ગાવે નીત ગાન.

૪૦

(મુજને ભીખ માગતી તેંજ કરી. એ-રાહ.)

જિનરાજ જુવો સન્મુખ જરી;
સન્મુખ જરી ભવ દુઃખ હરી. જિનરાજ.
કરમ કટક ભટ ભવરણુ મારે;
નાથ હાથ ગ્રહી લ્યો ઉદ્ધરી. જિનરાજ.
સહચારી બે વૈરી અનાદિ;
કેડ પડી કુમતી કુતરી. જિનરાજ.
ચાર લુટારા આઠ ધુતારા;
આતમ ધન્ય લુટે વકરી. જિનરાજ.
વિષય કષાયે રાચી માચ્યો;
પરનિંદા વિકથા ઉચ્ચરી. જિનરાજ.
પવન પ્રચંડે તૃષ્ણા નોકા;
ભવ દરીએ ચકડોળ ચડી. જિનરાજ.
સમરથનાવિક શ્રી સંખેશ્વર,
પાર ઉતારો વ્હાર કરી. જિનરાજ.
કાસી વાસી અજ અવિનાસી;
પાસ પ્રભુ દ્યો શિવનગરી. જિનરાજ.
આદ્ય સભા લઘુ સાંકલચંદ;
બે કરજોડી અરજ કરી. જિનરાજ.

૪૧

(મહેલે શું ન આવો આવો. એ-રાહ.)

દયાનિધિ તારો તારો તારોને પ્યારા નાથ,
આવ્યો છું,આવ્યો છું,આવ્યો છું,આવ્યો છું,
આવ્યો છું, આવ્યો છું. દયાનિધિ૦
સાર સંસારમાં કાંઇ દીઠો નહીં,
ખાલી ભમ્યો હાય હું ભ્રમણામાં,
વાર ન કીધી ન દાદ ન લીધી,
શાંતીનું નામ ન સુણ્યું સમણામાં.
દુઃખ પોકાર પોકારી રહ્યો પણ,
છુટે નહીં પડીને લાલચમાં,
નારી છોડી, સનેહ છોડી, વાહ વાહ વાહ.
બંધન તોડી,આવ્યો દોડી,આહ આહ આહ.
લઘુ આઘ કહે કરજોડી. દયાનિધિ૦

૪૨

(રહેવા દે રસિલી રંભા. એ-રાહ.)

ભજી લે રસીલા પ્યારા,શ્રી સુબાહુનાનામનેજી;
શ્રી સુબાહુનાનામનેજી,તજીસરવકામનેજી.ભ૦
રટણ તેનું રટશો, શુદ્ધ મનેથી ભજશો;
નાસે કર્મ રીપુ મુકી, મનનિ હામનેજી. ભ૦

અક્ષય પદને વરશો, ભવાબ્ધિમાંથી તરશો;
વરશો શિવ વધુના, ઉત્તમ નામનેજી. ભ૦

પાર્થના.

સુભ તું કર, ભવ દુઃખ હર, ગહન તુંજ ગતિ,
જગત્‌પાલ, હે કૃપાલ, નમું હું સુમતિ-સુભ તું.
સુંદિર હેમ મુગટપર સોભતિ મણી,
શશી સમાન સુર દેવના છો રે ધણી.
સુમતિ ધારી, ભીડ હારી, દુઃખ દો હણી,
ચરણે, શરણે, સ્મરણે, દુઃખ હરતા, સુખ
કરતા, મન ધરતા, સ્તુતિ માહરી-સુભ તું.
ધરણીધર સ્નેહ થકી વ્રત ઉચર્યાં,
કષ્ટ કાય સહન કરી શિવ વધું વર્યા,
કૃપાનાથ, શેવક આર્ત, પ્રેમથી હર્યાં;
વારી, પ્યારી, ધારી, હે મોરારી, કષ્ટ હારી,
સુખકારી, પ્રાર્થના રતી—સુભ તું.

આરતી.

જયદેવ જયદેવ, જયજય જીન શાંતિ. પ્રભુ.
વિશ્વસેન કુળચંદા,(૨)જગમાં છે કાંતિ. જ૦ ૧
અચિરાનંદન દેવ, ધનુ ચાલીસ કાયા. પ્રભુ.
લાખવરસજીનઆયુ(૨)સુરપતિમળીગાયા.જ૦૨

દીક્ષા લેઇ જીનરાજ, કેવળમાં વરીયા. પ્રભુ.
ચૌમુખ ધર્મ સુણાવી(૨)પર તારી તરીયા.જ૦ ૩
પુર્ણ કરી શુભ આય, શીવ મંદીર જાવે.પ્રભુ.
સુરગણ કોડા કોડી(૨)વાસવ સહુ આવે.જ૦ ૪
હર્ષ ધરી અતી અંગ,ઓચ્છવ શુભ કરીયો.પ્ર.
ચરણકમળજીનવંદી(૨)પાપપટળહરીયો.જ૦૫
શેવકનાં જીનનાથ, અષ્ટ કરમ કાપો. પ્રભુ.
દયા કરીને સ્વામિ(૨)શિવ નગરી આપો.જ૦ ૬
બધુ આધ જૈન સમાજ,પાદ કમળ વંદે.પ્રભુ.
મુની માણેકજીન તુજને(૨)દેખી આણંદે.જ૦ ૭

(મંગળ દીવો)

દીવોરે દીવો મંગલિક દીવો;
આરતી ઉતારોને બહુ ચિરંજીવો. દી૦
સોહામણું ઘર પર્વ દીવાલી,
અંબર ખેલે અબલા બાલી. દી૦
દેપાલ ભણે ઇણે દેવ અજુઆલી,
ભાવે ભગતે વિઘ્ન નિવારી. દી૦
દેપાલ ભણે ઇણે કલી કાલે,
આરતી ઉતારી રાજા કુમારપાલે. દી૦
તમ ઘર મંગલિક અમ ઘર મંગલિક,
ચતુર્વિધ સંઘ ઘર મંગલિક દીવો. દી૦

विवेक विलासनो शलोको.

સરસતી માતા તુમ પાયે લાગુ,
દેવ ગુરૂ તણી આગના માગુ;
કાયાનગ્રીનો કહુ સલોકો,
એક ચીતથી સાંભળજો લોકો. ૧
નગરી અનોપમ અતી ઘણી સારી,
માંહી વસે છે મોહોટા વેહેપારી;
દસ દીવાન ચતુરસુજાણ,
તેનાં નામનાં કરૂં વખાણ. ૨
પાન આપન ઉદાન કહીએ,
સામનવાન પાંચમો કહીએ;
નાગ ધન જે દેવ દેન કહ્યા,
કુર કુળંકર મદથી એ થયા. ૩
પાંચ ઇંદ્રીઓ ખાસા પરધાન,
મન બળ વચન બળ કાયા બળ જાણ;
સાસો સાસને આવખું લઇએ,
એ દશે પણ કાયામાં કહીએ. ૪
પાંચ પટોધર બુદ્ધિના ભારી,

નગરીની શોભા વધારે સારી;
કાયા માંહી છે તત્વને પ્રાણ,
ઓળખી લેજો ચતુર સુજાણ. ૫
જળ પૃથ્વી ને વાયુ આકાશ,
પાંચમો કહીએ તેજ આકાશ;
નીશ દીન ભલી ચાકરી કરે,
ખાવનની આણા શીરપર ધરે. ૬
એકેકા સાથે જમાદાર પાંચ,
ખાએ નહી તે કોઇની લાંચ;
લોહી કફ પીત વરજ કહીએ,
પરશેવો પાંચે જળનાં કહીએ. ૭
હવે પૃથ્વીના કહુ તે ધારો,
શ્રોતા સાંભળી દીલમાં ઉતારો;
ચામ હાડ ને મંક્ષ રૂવાંટા;
નસોએ પાંચે જુજવા સાંહા. ૮
ઉંઘ આળસ તરસ ભુખ,
કાંતીએ પાંચ માણે છે સુખ;
એ પાંચ આણાં તેનીજ ભરે,
નીશદીન ચાકરી બરાબર કરે. ૯
બળ પ્રતક્ષ થાય નિશ્ચળ કહે છે,

અકોચર વાયુ હુકમમાં રહે છે;
સાચ જુઠ મોહ લોભ અહંકાર,
એ પાંચે કહ્યા કાસર સાર. ૧૦
નગરીનો ધણી સોહમજી સાખી,
મન રાજાને જ્યારે આપી;
મનબુદ્ધિ ચીત અહંકાર ચારે,
ભેળા બેશીને મનસુબો ધારે. ૧૧
પચરંગી બંગલો દશ દરવાજા,
રાજ્ય કરે છે ત્યાં મનરાજા;
બહુ બળીયો જેનું જોર છે ભારી,
તેથી રહ્યા ઈંદ્રાદિક હારી. ૧૨
દેવ દાનવનું કાંઇ નવ ચાલે,
મોહોટા મુછાળા હામ ન ઘાલે;
એવો જોરાવર જાલમ કહીએ,
જેના પ્રાક્રમનો પાર ન લહીએ. ૧૩
બેટા બેટીઓ વસ્તાર ભારી,
મન રાજાને ઘેર દો નારી;
પાટ ઠકરાણું પરવરતી કહીએ,
જેનું ચરિત્ર તો ત્રણ લોકે લહીએ. ૧૪
જેના પ્રાક્રમથી રાજા લોભાય,

અણુમાનીતીને મોહોલે નવ જાય;
અણુમાનીતીનું ભારે છે કામ,
નીરવરતી રાણી જેનું છે નામ. ૧૫
પરવરતી સાથે રાજા રમે છે,
નીશદીન રાણી મનમાં ગમે છે;
રાણીને ઝાઝી રાજાથી માયા,
એમ કરતાં પાંચ દીકરા જાયા. ૧૬
તે ઉપર એક બેટી ત્યાં જાણી,
છ ફરજન જણ્યા પરવરતી રાણી;
પાંચ પુત્રને રાજા પરણાવે,
એકેકી કન્યા મન ગમતી લાવે. ૧૭
પાંચ બેટાના કહુંછું નામ,
બહુ બળીયા જેનું જોરાવર કામ;
વડેરો બેટો મોહજ કહીએ,
કામને ક્રોધ તીસરો લહીએ. ૧૮
લોભ માન એ પાંચેરે ભાઇ,
આશા બેની એ છની સગાઇ;
મોહ રાજાને કુમતી નારી,
પાંચ બેટાને બેટી એક સારી. ૧૯
અચેત અજ્ઞાન શોકને ધોખ,

પરદ્રોહી પાંચે ભાઇનો થોક;
મીથ્યા નામે તે કુંવરી જાણી,
છએની માતા કુમતી રાણી. ૨૦
કામ નાનેરો મોહનો ભાઇ,
રતી સ્ત્રીથી કીધી સગાઇ;
પાંચ બેટા પણ રતીને થયા,
મદ મચ્છર ઉન્માદ કહ્યા. ૨૧
ચોથો દીકરો અંધક લહીએ,
હુંસા પાંચમો ભાઇ તે કહીએ;
વીખીયા બેટી પાંચેની બેહેની,
લાજ ના રાખે જગતમાં કેની. ૨૨
ત્રીજો નાનેરો લાડકવાયો,
ક્રોધ પરવરતી કુખેથી જાઓ;
હુંસા નારીતો તેને પરણાવે,
પાંચ બેટાને બેટી એક થાવે. ૨૩
કવચન અહંકાર મુમતને ઇરખા,
રીસાળો ભાઈ પાંચે એ સરખા;
અદયા નામે છે પાંચેની બેહેની,
દયા ન આણે જગતમાં કેની. ૨૪
ચોથો લોભ તે જગત વીખીયાતો,

ત્રશ્ના નારીથી ફરે નીત માતો;
પાંચ બેટા તે ત્રશ્નાના થાય,
લાલચ ચાહુ ને પ્રહુ કેહેવાય. ૨૫
અચેત સવારથ માડીના જાયા,
મુમતા બેહેનથી સરવેને માયા;
માન પાંચમો નાનેરો ભાઇ,
અમાવતી સાથે કીધી સગાઇ. ૨૬
પાખંડ પડપંચ અસુદ્ધ ધુત,
કબુદ્ધિ પાંચે ભાઇ કબુદ્ધિ જુથ;
છઠ્ઠી દીકરી આમણા કહી,
આમાવતી રાણી કુખેથી જાઈ. ૨૭
બેટાને ઘેર બેટા ત્યાં કીધા,
સરવાળો ત્રીસ એકઠા લીધા;
ખટ દીકરી વહુ વારૂ પાંચ,
જાતી ન શકે આપી કોઇ લાંચ. ૨૮
એકતાળી જણનું હેતજ એવું,
સરવે જગતને વખાણ્યા જેવું;
રાણી પરવરતી સરવેને જોતી,
કુંવરી આશા છે પીયર પનોતી. ૨૯
કુંવરી વિચારે ધન મુજ અવતાર,
પાંચ ભાઇઓને ઘેર વીસ્તાર;

ત્રણ જગતમાં માહારી વડાઇ,
માહા બળીયા જોદ્ધા માહારા છે ભાઇ. ૩૦
પચીસ જાતરી જગતમાં માહાલે,
તે આગળ કોઇનું જોર ન ચાલે;
ભાભીઓ પાંચ પરીબળ ઝાઝુ,
પાંચ ભતરીજી કામ છે કાજુ. ૩૧
એતો પરીવાર કહ્યો ભલેરો,
હવે સાંભળો નીરવતી કેરો;
એક દીન રાજા તત્પર થયા,
અણુમાનીતીના મોહોલે ત્યાં ગયા. ૩૨
દેખી સુંદરી પામ્યા વીસરામ,
આતો ઠરવાનો દીસે છે ઠામ;
એવું જાણીને તીહાંજ રહ્યા,
નીરવરતીને પણ દીકરા થયા. ૩૩
પાંચ દીકરા ઉપર એક બેટી,
જેવી રતનની ભરેલી પેટી;
દાન પુન્ય ને ધરમના તાજા,
પ્રથમ હુવા વિવેકી રાજા. ૩૪
સુભ શીળ ને સંતોષ કહીએ,
પાંચમો ભાઇ વઇરાગ લહીએ;
અણઆશા નામે બેટી સવાઇ,

જેહના માહા બળીયા સમરથ ભાઇ. ૩૫
જે કોઇ અણુઆશા કુંવરીને વરીયા,
તે તો ભવસાગર ક્ષણમાં તરીઆ;
આસા છાંડી ને અણુઆશા આંણે,
તે તો અક્ષયપદ મોહોક્ષમાં માણે. ૩૬
જેહના ભાઇઓની આબરૂ રાખી,
સાસરવાસામાં રાખે નહિ બાકી;
સરવે રીઝીને એવુંજ આપે,
જન્મ મરણનું સંકટ કાપે. ૩૭
કુંવરી અણુઆશા પીયર પનોતી;
પતીવૃતા ધર્મ પાળે નીજ સતી;
તેહના પીયરના કહું છું નામ,
શ્રોતા સાંભળજો થઇ સાવધાન. ૩૮
વીવેક રાજાને સુમતા છે રાણી,
જેહની વારતા સાસ્ત્રે વંચાણી;
પાંચ દીકરા પ્રસવ્યા સારા,
મુખથી બોલે અમૃત ધારા. ૩૯
પેહેલો જ્ઞાન ને પરકશ બીજો,
સચેત કુંવર જન્મ્યો છે ત્રીજો;
ભાવ નીતી એ પાંચે પ્રમાણો,
સરધા કુંવરી છઠ્ઠી એ જાણો. ૪૦

બીજો કુંવર વીચાર કહીએ,
સુબુદ્ધિ રાણી પાર ન લહીએ;
જેહુની કુખે તે પાંચ જણ થયા,
અકળ આ કામ ઉદાસ કહ્યા. ૪૧
સુચી સુક્રીત પાંચ એ ભાઇ,
જુગતી નામે તો કુંવરી જાઇ;
ત્રીજો કુંવર શીળ છે ડાહ્યો,
ખીમા રાણીને પાલે બંધાણો. ૪૨
વને સહુન દયાને મુની,
ગંભીર ગરજ રાખે નહીં કુની,
હીનતા નામે કુંવરી ડાહી,
જેહુના બહુ ગુણી પાંચે છે ભાઇ. ૪૩
ચોથો કુંવર સંતોષ જેને,
સાંતી નામે તો રાણી છે જેને;
પાંચ કુંવર રાણીએ જાયા,
ત્રણ જગતમાં ન જાએ વાહુાયા. ૪૪
સંત ધીરજને વિશ્વાસ કહીએ,
ચોથો નીસદે કુંવર લહીએ;
પાંચમો કુંવર કુરણાવંત જાણું,
સખી નામે તો કુંવરી વખાણું. ૪૫
વૈરાગ નાનો પાંચમો ભાઇ,

શોભા શી કહુ વરણવી ન જાઇ;
જેની કીરતી ત્રીલોકે જાણી,
વિદ્યા સરખી તો જેને ઘેર રાણી. ૪૬
સમદમ સંજમ સુરમત જેહેની,
કંત વીર ઉદાસ વાત છે તેહેની;
સરસતી કુંવરી ગુણ બહુ કહ્યા,
જેની કીરપાથી પુરવધર થયા. ૪૭
એ સઉ પરીવારની નીરવરતી કેરૅ,
શ્રી પુરૂષનો રંગ ભલેરો;
એવું કુટુંબ કહાવે જેને,
પારંગત થાવે વારશી તેને. ૪૮
નીરવરતી કેરો સરવાળો કીધો,
એકતાળી જણનો લેખો લીધો;
ત્રીસ મરદને અગીયાર નારી,
સાંભળી વાત રાખો વિચારી. ૪૯
બેઉ શોકયોનો વસ્તાર જાણું,
કુંવર કુંવરીયો સરખી વખાણું;
એકતાળી હુતો બ્યાસી કહેવાય,
બેઉનો પરીવાર એટલો થાય. ૫૦
બંને શોકયો ને તીસરો રાજા,
સુખ ભોગવે રહે નીત તાજા,

પંચાશી જણ જગતમાં કેહે છે,
કાયા નાગરીમાં એકઠાં રહે છે. ૫૧
એક દીન બેઉ શોકે કીધી લડાઇ,
મીરો બંધાઇ સામ સામી ભાઇ;
પરવરતી કુટુંબ એક પાસા થયું,
નીરવરતી કુટુંબ મુકામે રહ્યું. ૫૨
બાંધ્યા મોરચા લડવાને સારૂં,
કીધી સામગરી ગોળાને દારૂ;
સહુના દાદાજી મનજ કહ્યા,
પરવરતી પુત્ર સંગાથે ગયા. ૫૩
સઉનો ઇષ્ટ છે આતમારામ,
સાક્ષી રહીને જુવે છે ઠામ;
આતમરામે દીલમાં એમ ધારયું,
ઘરડે ખુટાંમણી કીધું છે ખરૂં. ૫૪
માનીતી કેરે વશાજ થયો,
માટે કુંવરની સંગાતે ગયો;
એવું ના ઘટે ઘરડાને કરવું,
અણમાનીતીના કુંવરથી લડવું. ૫૫
માટે આપણે તીહાં નહિ જાવું,
અણમાનીતીના કુંવર તરફ થાવું;
વિવેકસેનને ધીરજ આપી,

લડાઇ કરવી મુકરર થાપી. ૫૬
તમારી તરફ અમો રહીશું,
મન રાજાથી જુદ્ધ કરીશું;
નીરવરતી સુત તત્પર થયા,
હથીયાર લેઇ મોરચે ગયા. ૫૭
રણ સંગ્રામ રોપ્યો છે ભાઇ,
કેવી થાય છે જુવો લડાઇ;
માનીતી તરફથી મનજ ચડયા,
તતક્ષણ આવી મોરચે અડયા. ૫૮
વીવેક વિચાર ઉભા છે ભાઇ,
આતમરામે કીધી ચડાઇ;
ચડી મોરચા આગળ આવે,
તોપો નાળો ને બંદુકો લાવે. ૫૯
મન માહુબળાચો જોદ્ધો કેહેવાય,
જેનો તાપ તો નવી સેહેવાય;
મન રાજાએ તોપ હલાવી,
આતમરામ ઉપર ચલાવી. ૬૦
છુટે ગોળા ને ભડાકા થાય,
કાયર કેરા તો ઠરે નહિ પાય;
ભાલા બરછી ને કબાને તીર,
જાગતી લે છે આતમ વીર. ૬૧

ખાંડા ખંજરના ઘાવ કરે છે,
કટારના ઘાવ અતી ભારે છે;
ઘોબ ખપુવાને કટારાં ઘાવ,
આતમારામ જાળવે દાવ. ૬૨
પાછેરા જઇ આઘેરા આવે,
આતમા ઉપર ઘાવ ચલાવે;
ન વાગે તીર ન વાગે ગોળી,
ફરીથી આવ્યોં બરછીજ તોળી. ૬૩
નહિ મુકું હવે એમ વદે છે,
આતમારામ ખડખડ હસે છે;
થાકયો મન રાજા ઘાવજ કરી,
પાછો ગયો ત્યાં મોરચે ફરી. ૬૪
કરે વિચાર હવે કેમ થાશે,
આતમારામ કેમ જીતાશે;
માહારા જોરથી કોઇ નવ રહ્યા,
મોહોટા મુછાળા ઊડીને ગયા. ૬૫
દેવ દાનવ સરખાને હણું,
ઇંદ્રાદીક કેરો ભાર ન ગણું;
કહીકને કીધા ભુળજ ભેળા,
આજ શું થયું હાવી કેમ વેળા. ૬૬
મન જાણે જે પાછો કેમ ભાગુ,

મારા જોરને ખાંપણ લાગ્યું;
તતક્ષણ ત્યાંથી ઘોડો ચલાવ્યો,
આતમારામ નજીક આવ્યો. ૬૭
ઉપરા ઉપર કરે છે ઘાવ,
કાંઇ નવ ચાલે મનનો દાવ;
આતમારામ ધીરજ લાવી,
જ્ઞાનની ગુપતી તીહાં ચલાવી. ૬૮
ખીગા ખંજરનો ઘાવ ત્યાં કીધો,
થયો ઘાયલ પકડીને લીધો;
અવળે મુસ્તકે બાંધે જેમ ચોર,
મનનું તીહાં ચાલે નહિ જોર. ૬૯
બહુ જોરાવર જોદ્ધો વશ કીધો,
જીતનો ડંકો નગારે દીધો;
એવું જોઇને થરથર છાતી,
પરવરતી સુતની આંખ ત્યાં ફાટી. ૭૦
માહા બળીયો મોહ ચડયો છે ત્યાંહી,
ઝટપટ કુણ ઝીલે ત્રીલોક માંહી;
આણી કોરાથી વિવેક ચડીયા,
બંને આવીને મોરચે અડીયા. ૭૧
ઘણું ઘમશાન ચાલી લડાઇ,
સામા સામી ત્યાં આફૂલે ભાઇ;

બીએ સ્ત્રી અને બેટીએ બેટી,
પેહેરયાં બખતર જુગ્રમ પેટી. ૭૨
સામાં સામી ત્યાં કડાકા થાય,
જુદ્ધનો વરણુવ કહ્યો નવ જાય;
અન્યો અન્યથી બળીયા બહુ સુર,
જેવું સાહિરનું ચડતું પુર. ૭૩
સામા સામી ત્યાં પ્રગટ્યું છે વેહેર,
જેમ પવનને સાગરની લેહેર;
મીથ્યા સાચને થાય લડાઇ,
સોકના સામો ભાવ વડાઇ. ૭૪
જ્ઞાનના સામો અજ્ઞાન આવે,
સુમતી કુમતીને પાછી હઠાવે;
અચેત ચેતના સામો આડે છે,
બાધે પ્રકાસ સામો ભડે છે. ૭૫
સમઝદ્રાને હઠાવે જીહાં,
કેમ વિચાર આકૂળે તીહાં;
જુગતીના સામી વીખીયા કેહેવાયે,
સુકીત સામો મઢ ચડી આવે. ૭૬
મછર સામો લાજ ત્યાં કહીએ,
હુંસાના સામો સંજમ લહીએ;
અધીક કરતાં અકલજી બળીયા,

અકામ ભાઈએ ઉન્માદ છળીયા. ૭૭
ખીમા હંસાને પાછો હઠાવે,
શીયળ ક્રોધને બાંધીને લાવે;
દયા નીર્દયને હઠાવે ઝટમાં,
સુની કવચન ઉતારે ઘટમાં. ૭૮
અહંકાર માફ વીનયથી માગે,
રીસ સહુનને પાયે ત્યાં લાગે;
દાય સુમતાની આગળ નવ ચાલે,
ગંભીર ઇરખાને કેદમાં ઘાલે. ૭૯
સંતોષ આગળ નહીં ઉપાય,
લોભ બાપડો નાશીને જાય;
અભીમાનનું ચાલે નહિ કશું,
ઉદ્દાશ આગળ જાણવો પશું. ૮૦
વરકત આગળ દુરકતના વાંક,
વઇરાગ આગળ ડંભજી રાંક;
વાણી સારતાં બ્રામણા કોહેનો,
સમદમ આગળ પડપંચ શાનો. ૮૧
ન્યાય આગળ નહીં પાખંડ ભારે,
શુદ્ધ આગળ અશુદ્ધ હારે;
સાચ જુઠને સદાએ વેહેર,
જુઠ હારે તો મંગળીક ઘેર. ૮૨

કુંવરી અણુઆશા જોરાવર ભારી,
તે આગળ આશા રહી છે હારી;
કેટલાં કહું પાર ન આવે,
જુદ્ધ સંગ્રામ ભલો મચાવે. ૮૩
આખર છતની રુવરતી કેરી,
જેની પરજા છે અતી ભલેરી,
પરવરતી સુતને જેણુજ ઝીપ્યા,
ભવસાગર માંહી કદી નહીં છીપ્યા. ૮૪
જે જન માનોતી સુતને જઇ મળીયા,
તેતો દાવાનળ દુઃખમાં જઇ ભળીયા;
એવું જાણીને અભીમાન ખોવું,
પ્રત્યક્ષ વાત કાયામાં જોવું. ૮૫
દેવતા માગે મનુષ્ય અવતાર,
તે નમી આપણ પામ્યા નિરધાર;
માટે નીરવરતી સુતને જઇ મળવું,
પરવરતી કુંવર સંગાતે લડવું. ૮૬
પુરવે એ કુંવર સંગાતે લડ્યા,
તેતો ગ્રંથાદીક પુસ્તકે ચડ્યા;
રખે અંદેસો મનમાં કોઇ રાખો,
છએ શાસ્તર પુરે છે સાખ્યો. ૮૭
સેષ સરસ્વતી પાર ન આવે,

તો કવીની બુદ્ધિ કેમ કરી ગાવે;
પુરો સલોકો કીધો આ ઠામ,
હવે કહુછું કવીનું નામ. ૮૮
ઓગણીસે ત્રણનો માગસર માસ,
સુકલ પક્ષનો દીવસ ખાસ;
તીથી તેરશ મંગળવાર,
કરયો સલોકો બુદ્ધિ પ્રકાર. ૮૯
શેહેર ગુજરાત રેહેવાશી જાણો,
વીશાસરમાળી નાત પરીમાણો;
વાઘેસ્વરીની પોળમાં રેહે છે,
જેવું છે તેવું સુરસશી કેહે છે. ૯૦
નથી જાણતો ગણુ ને ભેદ,
કોઇ કરશોમાં મુજપર ખેદ;
કવીજન આગળ માહારી શી મતી,
દોષ ટાળશે માતા સરસતી. ૯૧
સુત્ર સીદ્ધાંત નથી હું ભણયો,
જાડા રેશમનો દોરડો વણયો;
વાત સાચી છે કાયામાં જોજો,
વિવેકી પુરૂષો વિચારી જોજો. ૯૨

અગાઉથી ગ્રાહક થઇ મદદ આપનાર ગૃહસ્થોના નાંમ.

અમદાવાદ.

૫૧ શેઠ. મનસુખભાઇ ભગુભાઇ.
૫૧ બોટાના જુના પાટીયા તરફથી
શા. છગનલાલ જીવરાજ.
૨૫ શેઠ સારાભાઇ મગનભાઇ કરમચંદ.
૨૫ શા. ત્રીભોવનદાસ સવચંદ ફડીઆ.
૨૦ શેઠ. સનાભાઇ ચુનીલાલ.
૧૫ શેઠ. જેસંગભાઇ હઠીસંગ.
૧૧ શેઠ. દલપતભાઇ મગનભાઇ હઠીશંગ.
૧૧ શા. ગલાબચંદ મોતીચંદ.
૧૦ શા. હેમચંદ સ્વચંદ નવાબ.
૧૦ શા. લખુભાઇ ભાયચંદ.
૧૦ પા. છગનલાલ બેચરદાસ.
૧૦ ચોકસી ફૂલાભાઇ ઉજમસી.
૧૦ શા. ઘેલાભાઇ જેઠાભાઇ ફડીઆ.
૧૦ શા. નાથાલાલ ભગુભાઇ.
૫ શેઠ. ઉમાભાઇ હઠીસંગ.
૫ શા. છોટાલાલ વખતચંદ.

૫ શા. હરીલાલ મગનલાલ.
૫ શા. છોટાલાલ પરશોતમદાસ.
૫ શા. ધોળીદાસ ડુંગરશી.
૫ શા. વાડીલાલ હઠીસંગ.
૫ શા. મુળચંદભાઇ જેસંગભાઇ.
૫ શા. ચુનીલાલ શાંકળચંદ.
૫ શા. ફુલચંદ કરમચંદ.
૫ શા. પ્રેમચંદ મનસુખરામ.
૫ શા. મગનલાલ સાંકળચંદ.
૫ શા. પોપટલાલ સાંકળચંદ.
૫ શા. બાલાભાઇ સાંકળચંદ.
૫ શા. રતનચંદ હકમચંદ.
૫ શા. સાંકલચંદ લલુભાઇ.
૫ શા. વાડીલાલ મનસુખરામ.
૩ શા. ચુનીલાલ જેઠાભાઇ.
૩ શા. વાડીલાલ અમુલખદાસ.
૨ શા. હીરાલાલ મનસુખરામ.
૨ શા. પોપટલાલ ખેમચંદ.
૨ શા. પોપટલાલ દોલતરામ.
૨ શા. મણીલાલ ગોકળદાસ.
૨ શા. ચુનીલાલ જેઠાભાઇ.

૨ શા. વાડીલાલ મનસુખરામ.
૨ શા. બાલાભાઇ મોકમચંદ.
૨ શા. અમરતલાલ મોહનલાલ.
૨ શા. વાડીલાલ રતનચંદ.
૨ શા. ગોકલદાસ કેશવલાલ.
૨ શા. બીખાભાઇ રણછોડદાસ.
૨ શા. ભોગીલાલ હીરાભાઇ.
૨ શા. કકલભાઇ પાનાચંદ.
૨ શા. મગનલાલ કચરાશા.
૨ શા. કેશવલાલ લલુભાઇ.
૨ શા. મોતીલાલ અમથાશા.
૨ શા. ઇશ્વરલાલ રતનચંદ.
૨ શા. ભગુભાઇ ચુનીલાલ.
૨ શા. ભોગીલાલ ચુનીલાલ.
૨ શા. બાલાભાઇ વખતચંદ.
૨ શા. ભુરાભાઇ ફતેચંદ.
૨ શા. મોતીલાલ ઉમેદચંદ.
૨ શા. સાંકળચંદ મગનલાલ.
૨ શા. ફુલચંદ છોટાલાલ.
૨ શા. મંગાભાઇ નાગરદાસ.
૨ શા. મણીલાલ મુળચંદ.

૨ શા. જેસંગભાઇ ખુસાલદાસ.
૨ શા. ચકુભાઇ ફતેચંદ.
૧ શા. જેસંગભાઇ મુળચંદ.
૧ શા. દલસુખરામ માણેકચંદ.
૧ શા. મુળચંદ ચકલસી.
૧ શા. ફકીરચંદ મગનલાલ.
૧ શા. ચુનીલાલ મનસુખ.
૧ શા. જેઠાલાલ લલુભાઇ.
૧ શા. ચમનલાલ ત્રીભોવનદાસ.
૧ શા. સારાભાઇ દલસુખરામ.
૧ શા. નેમચંદ ચુનીલાલ.
૧ શા. વાડીલાલ છોટાલાલ.
૧ શા. દલીચંદ પાનાચંદ.
૧ શા. છોટાલાલ કેવળદાસ.
૧ શા. હરીલાલ કચરાશા.
૧ શા. ચમનલાલ વાહાલદાસ.
૧ શા. ચમનલાલ બેચરદાસ.
૧ શા. હરીલાલ છોટાલાલ.
૧ શા. જેસંગભાઇ ચુનીલાલ.
૧ પંડીત. નારાયણ મોતીલાલ.
૧ શા. મણીલાલ છોટાલાલ.

૧ શા. છગનલાલ લલુભાઇ.
૧ શા. ડાહ્યાભાઇ પરશોત્તમ.
૧ શોની. તરભોવન ઝવેર.
૧ શા. સોમચંદ ડાહ્યાભાઇ.
૧ શા. ચુનીલાલ નથુભાઇ.
૧ શા. મણીલાલ વાડીલાલ.
૧ શા. કેશવલાલ પ્રેમચંદ.
૧ શા. હરચંદ રતનચંદ.
૧ શા. સુરજમલ મનસુખરામ.

ખેડા.

૫૧ શ્રી જૈનોદય સભા તરફથી.
૧૧ શ્રી જૈનોદય સભા.
૬ શેઠ. સોમચંદ પાનાચંદ.
૫ શા. સકરાભાઇ ગીરધર.
૩ શા. ચુનીલાલ ડાહ્યાભાઇ.
૩ શા. વાડીલાલ ડાહ્યાભાઇ.
૨ શા. મનસુખરામ ડાહ્યાભાઇ.
૨ શા. મગનલાલ નાથાલાલ.
૨ શેઠ. મણીલાલ જેસંગભાઇ.
૧ શા. મગનલાલ નાથાલાલ.
૧ શા. છગનલાલ આશારામ.

૧ શા. કેશવલાલ સાંકળચંદ.
૧ માસ્તર દોલતસીંગ બળવંતસીંગ.
૧ પટેલ. મણીલાલ બાઇલાલ.
૧ શા. મંજરભાઇ હીરાચંદ.
૧ શેઠ. મણીલાલ બાઇલાલ.
૧ શા. નગીનદાસ સુરચંદ.
૧ શા. ચમનલાલ મોતીલાલ.
૧ શા. વરજીવનદાસ સાંકળચંદ.
૧ શા. ત્રીકમલાલ ગોરધનદાસ.
૧ શા. જીવાભાઇ હરગોવંનદાસ.
૧ શા. મણીલાલ બાયચંદ.
૧ શા. ફુલચંદ રણછોડદાસ.
૧ શેઠ. ડાહ્યાભાઇ અમુલખદાસ.
૧ શા. બાઇલાલ નાગરદાસ.
૧ ગોરજી ગુણરતન તેજરતન.

મુંબાઇ.

૨૫ શા. મગનલાલ જીવરાજ. ભાવનગરવાળા.

સાણંદ.

૧૦ ગાંધી. હીરાચંદ જસરાજ.

ગોધાવી.

૧૦ શા. કેશવલાલ મગનલાલ.

પેથાપર.

૧૦ શ્રી સુવધીનાથજીન મંડળી તરફથી
શા. સરૂપચંદ પુનમચંદ.

ઇડર.

૨ શા ભુરાભાઇ પ્રેમચંદ
૨ શા. કેવલદાસ સખમલ.
૧ શા. વર્ધમાનદાસ સરૂપચંદ.

કલોલ.

૨ શા. નાનાલાલ અમથાભાઇ.

મહીજ.

૧ શા. છગાભાઇ નાથાભાઇ.
૧ શા. ફકીરચંદ કેવલદાસ.
૧ શા. પ્રેગચંદ નાથાભાઇ.

તૈયાર થાય છે.

ખાસ જ્ઞાન ખાતા માટેજ.

શ્રી જૈન ગુણ રત્નાવળી ભા. ૪ થો.

જાહેર ખબર.

અમારા તરફથી છપાએલ શ્રી જૈન ગુણ રત્નાવળી ભા–૧–૨–૩ તથા રસિક પ્રાર્થનાવળી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે મળશે. પરદેશીને પોસ્ટેજ જુદું.

અમદાવાદ—શા. હરીલાલ મગનલાલ સેક્રેટરી. ઠા. માં. નાગજીભુદરની પોળ.

ખેડા—શ્રી જૈનોદય સભાના સેક્રેટરી શેઠ. સોમચંદ પાનાચંદ. ઠા. શેઠવાડામાં.

મુંબઇ—શા. મગનલાલ જીવરાજ ઠા. બાહારકોટ બંગડીબજારમાં.

ઇડર—શા. ભુરાભાઇ પ્રેમચંદ. ઠા. પારખાવાડામાં.

લી.

પ્રસિદ્ધ કર્તા.